# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૦/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા કેરીયર ગાઇડન્સ મહોત્સવની શરૂઆત થઇ, પ્રથમ દિવસે જયેશ બ્રહમભટ્ટ દ્વારા ધોરણ ૧૨ સાયન્સ પછી વિદ્યાર્થીઓને કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા બાદ કયા – કયા ક્ષેત્રમાં કારકિર્દીની તકો રહેલી હોય છે તે અંગે તેઓને સમયસર યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ કેરીયર ગાઇડન્સ મહોત્સવની શરૂઆત કરવામાં આવી છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલારૂપે ફિઝીકલ સેમિનારને બદલે વેબિનારના માધ્યમથી વિદ્યાર્થીઓ તથા વાલીઓને માર્ગદર્શન આપવામાં આવશે.

સોમવાર, તા. ૧૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ પ્રથમ દિવસે શિક્ષણ સર્વદાના તંત્રી જયેશ બ્રહમભટ્ટે ધોરણ ૧૨ સાયન્સ પછી વિદ્યાર્થીઓ કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકે છે તે દિશામાં તેઓને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ધોરણ ૧૨ સાયન્સ પછી વિદ્યાર્થીઓને બાયોલોજી અને મેથ્સ ગૃપમાં કારકિર્દીના વિકલ્પોની જાણકારી આપી હતી. સ્થાનિક સ્તરથી લઇને રાષ્ટ્રીય સ્તર સુધી પ્રવેશની કાર્યવાહી અંગે માહિતી આપી હતી. તેમણે વેબસાઇટ અંગે જાણકારી આપી મેરીટની ગણતરી કઇ રીતે કરવામાં આવે છે તથા કયા – કયા પ્રકારની પ્રવેશ પ્રક્રિયા આપવી જોઇએ તે વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને નીટ તથા નીટ વગર કયાં પ્રવેશ મળી શકે છે તે અંગે પણ માહિતી આપી હતી. જેઇઇમાં ઓછો સ્કોર આવ્યો હોય તો ગુજકેટ (ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ)ના આધારે કયાં પ્રવેશ મળે

છે તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, ભારત કૃષિ પ્રધાન દેશ છે. આથી વિદ્યાર્થીઓ એગ્રીકલ્ચર ફિલ્ડમાં પણ કારકિર્દી બનાવી શકે છે. તેમણે વિદ્યાર્થીઓને એ અને બી ગૃપ મળી રોબોટિકસ, સાયબર, એરોનોટિક, પેટ્રોલિયમ, મિકેનિકલ, ઇન્ફ્રા, સ્ટેમ સેલ, બાયો–ટેકનો, ફાર્મસી, ફોરેન્સિક, જેનેટીક અને વેટરીનરીમાં કારકિર્દી બનાવવા માટે માહિતગાર કર્યા હતા. તદુપરાંત તેમણે વિદેશમાં એમબીબીએસ માટે કઇ–કઇ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવી શકાય છે તે વિશે જાણકારી આપી હતી.

વેબિનાર દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવેલા વિવિધ સવાલોના તેમણે સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરની એજ્યુકેશન એન્ડ એકેડેમિક કોર્સિસ કમિટીના એડવાઇઝર તથા લાયબ્રેરી કમિટીના ચેરમેન અજિત શાહે સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.